# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦ ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
E-mail: paushak.investors@alembic.co.in Website: www.paushak.com

## નોટીસ

## (કંપનીના ઈક્વિટી શેર્સ ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા બાબત)

આ નોટીસ ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત એવા બધાજ શેર્સ કે જે શેર્સ ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તે ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)નાં ડીમેટ ખાતામાં તબદીલ કરવાની જોગવાઈ છે.

આ રૂલ્સમાં કરાયેલી વિવિધ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવાપાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઈડી, કલાયન્ટ આઈડી નીચે દર્શાવેલ વેબલીંક http://www.paushak.com/pdf/IEPF.pdf ઉપર મુકેલ છે.

દરેક નાણાકીય વર્ષમાં માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે.
http://www.paushak.com/unpaid-or-unclaimed-dividend.aspx

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના દાવો ન કરેલા ડિવિડન્ડનો દાવો તરતજ કરે.

જેમના શેર ફીઝીકલ સ્વરૂપમાં છે અને જે IEPF ડીમેટ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે નિયમોની જોગવાઈ અનુસાર કંપની તેમની પાસે રહેલા મૂળ (original) શેર સર્ટિફિકેટોને બદલે IEPF ડીમેટ ખાતામાં તબદિલ કરવાના હેતુસર ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટો જારી કરશે અને આ રીતે જારી થયા બાદ તેમના નામમાં નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ્દ થઈ જશે અને અપરક્રામ્ય (નોન-નીગોશીયેબલ) ગણવામાં આવશે. શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઈટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા નિયમો અનુસાર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવા માટે અને ડુપ્લીકેટ શેર જારી કરવા માટે પૂરતી નોટીસ તરીકે ગણાશે.

જો ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઈ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે કંપનીના કોઈપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરાશે.

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF માં તબદીલ થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઈ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF-5 ઓથોરીટી પાસેથી પરત મેળવી શકાય છે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઈન ટાઈમ ઈન્ડીયા પ્રા. લી. બી-૧૦૨-૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, HDFC બેંકસામે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા : ૩૯૦ ૦૨૦. ફોન નં. +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩, ૨૩૫૬૭૯૪ ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
મનીષા સરાફ
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૨૮મી જુન, ૨૦૧૮

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.paushak.com ઉપર ઈનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.